Govt. Arts College, Kaparada
Inward No. : GACK/2024/NSS/48
Date : 10/02/2024.

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

**પાનસ મુકામે તારીખ:-૨૬/૦૧/૨૦૨૪થી તા:- ૦૧/૦૨/૨૦૨૪સુધી યોજાયેલ NSS વાર્ષિક ખાસ શિબિરઅહેવાલ - શૈક્ષણિક વર્ષ -૨૦૨૩ -૨૪**

સરકારી વિનયન કોલેજ, કપરાડાના એન.એસ.એસ વિભાગ દ્વારા સાત દિવસીય એન.એસ.એસ. વાર્ષિક ખાસ શિબિરનું આયોજન કપરાડા તાલુકાના પાનસગામ મુકામે કરવામાં આવ્યો હતો. જેમા રાત્રિ રોકાણની વ્યવસ્થા પ્રાથમિક શાળા પાનસ મુકામે કરવામાં આવી હતી તા. ૨૬/૦૧/૨૦૨૪ ના રોજ કોલેજથીપ્રાથમિક શાળા પાનસ ખાતે પ્રસ્થાન કર્યું હતું. રોકાણના સ્થળે પહોંચી સ્વયંસેવકોએ આવાસની સાફ-સફાઈ કરી હતી અને ગામના સરપંચશ્રી અને આગેવાનોની મુલાકાત કરી હતી.

ત્યારબાદ સ્વયંસેવકોએ રમતની મજામાણી, રમતબાદ ભોજનની તૈયારીમાં કેટલાક સ્વયંસેવકો જોતરાયા. ભોજન બાદ ટુકડીની વહેંચણી, આગળના દિવસનું આયોજન પ્રમાણેનું કાર્ય સુવ્યવસ્થિત રીતે થાય તેના સુચનો આપવામાં આવ્યા હતા. રાત્રીના ભોજનબાદ અત્રેની કોલેજના સંસ્કૃત વિષયના અધ્યાપિકા ડો. મેધના કે ધારણે એ "એન.એસ.એસ. શિબિરના મહત્વ અને જીવન જીવવાની શૈલી વિષય" પર સ્વયંસેવકોને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું અને એક ગીત ગાઈને પૂર્ણાહુતિ કરી હતી. તેમજ ડો. વિરેન્દ્ર આર. વસાવા એ સહયોગ આપ્યો હતો.

ત્યાર બાદ એન.એસ.એસ.ના પ્રોગ્રામઓફિસર શ્રી અનિષભાઈ સી ગામીતે સંપૂર્ણ શિબિર દરમિયાન સાત દિવસના દૈનિક આયોજન પ્રમાણે કાર્ય થાય એ સુનિશ્ચિત કરવા સ્વયંસેવકોને આગ્રહ કરવામા આવ્યો હતો.

તારીખ ૨૭/૦૧/૨૦૨૪ ના રોજ સવારની પ્રાર્થના બાદ, નાસ્તો કરી શ્રમકાર્ય કરવા માટે બધા ભેગા થયા. ઉદ્દઘાટન કાર્યક્રમ હોવાથી શ્રમકાર્ય શાળા પરિસરમાં જ કરવામાં આવ્યું. બધા સ્વયંસેવકોએ ટુકડી પ્રમાણે સોંપવામા આવેલ કામગીરી કરી. ત્યાર બાદ ઉદ્દઘાટન કાર્યક્રમની તૈયારીમાં બધા જોડાયા હતા. લગભગ ૧૧:30 કલાકે કાર્યક્રમની શરૂઆત કરી. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ અનુસાર દીપપ્રાગટ્ય અને કોલેજની વિર્ધાર્થીનીઓ દ્વારા પ્રાર્થના રજૂ કરવામાં આવી. ત્યારબાદ ઉપસ્થિત સર્વ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં

Govt. Arts College-Kaparada * Dist. Valsad

આવ્યું. જેમાં મુખ્ય ઉદ્દઘાટકશ્રી પિનાકીન જી. પટેલ (પ્રા.શા.પાનસ-આચાર્ય) નું સ્વાગત સરકારી વિનયન કોલેજ, કપરાડાના આચાર્યશ્રી ડો. ડી.એન.દેવરી સાહેબએ બુકે આપી કર્યું. ત્યારબાદ સરકારી વિનયન કોલેજ, કપરાડાના આચાર્યશ્રી ડો.ડી.એન.દેવરી સાહેબનું સ્વાગત સ્વયંસેવક ગવળી અમરતભાઈ દેવરામભાઈ એ બુકે આપી કર્યું. રમણભાઈ એલ ભોયા (પ્રા.શા.પાનસ શિક્ષકશ્રી) નું સ્વાગત સ્વયંસેવિકા વાઘમાર્યા ઉર્વશીબેન સી. એ બુકે આપી કર્યું. પ્રાથમિક શાળા પાનસના શિક્ષિકા શ્રીમતી શીતલબેન કોંકણીનું સ્વાગત સ્વયંસેવિકા અવતાર અનીતાબેન એસ. એ ફૂલ આપી કર્યું. પ્રાથમિક શાળા પાનસના શિક્ષક પ્રિતેશભાઈનું સ્વાગત સ્વયંસેવક જાદવ ચંદુભાઇ આર. એ કર્યું હતું. તેમજ સરકારી વિનયન કોલેજ, કપરાડાના અધ્યાપકશ્રી દિપક વી. પટેલનું સ્વાગત સ્વયંસેવિકા વાઘમાર્યા ઉર્વશીબેન સી. એ કર્યું. કૉલેજના અધ્યાપિકા શ્રીમતી ચંદનબેન એ. ચવધરીનું સ્વાગત સ્વયંસેવક ગાયકવાડ હેમંતભાઇ એમ. એ કર્યું. અત્રેની કૉલેજના સિનિયર ક્લાર્ક શ્રી જાદવ વિમલભાઇ બી. નું સ્વાગત સ્વયંસેવક જાદવ ચંદુભાઇ આર. એ ફૂલ આપી કર્યું. શ્રી બાબલુભાઈ ચૌધરી (ગ્રામપંચાયતસભ્ય-પાનસ) નું સ્વાગત સ્વયંસેવિકા ચૌધરી અંજનાબેન એમ. એ ફૂલ આપી કર્યું, સરકારી વિનયન કોલેજ, કપરાડાના એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરશ્રી અનિષભાઈ સી. ગામીતનું સ્વાગત પ્રાથમિક શાળા પાનસ ધોરણ-૭ની વિદ્યાર્થિનીએ બુકે આપી કર્યું. ત્યારબાદ પ્રોગ્રામ ઓફિસરશ્રીએ એન.એસ.એસ. વિશે ટૂંકો પરિચય આપ્યો. કાર્યક્રમનું પ્રાસંગિક ઉદ્દબોધન પ્રાથમિક શાળા પાનસના આચાર્યશ્રી પિનાકીન જી. પટેલ સાહેબ દ્વારા કરવામાં આવેલ. તેમણે એન.એસ.એસ.ના માધ્યમ દ્વારા સ્વયંસેવક તરીકે જીવનમાં કેવું પરિવર્તન અને બદલાવ આપણે લાવી શકીએ એ અંગે જણાવેલ સાથે સમાજ માટે સેવા કરવા અને સમાજ પણ આપણા માટે સેવા કરવા તત્પર છે. તેમજ એક વિદ્યાર્થી તરીકે શીખતા-શીખતા આગળ વધી શકાય અને કંઇક શીખીએ તો જ આપણા માટે પગથિયું બંધાય અને પગભર બની શકીએ તેમા જણાવેલ ઉપરાંત એકબીજાને અનુકૂળ થઈ સમાજને અને જુદા જુદા ગામ, ફળિયા, જાતિ, ભાષા હોવા છતાં એન.એસ.એસ. થકી "અનેકતામાં એકતા" દ્વારા સાર્થક કરી શકાય એવો કાર્યક્રમ છે, એમ જણાવી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબે પ્રાસંગિક ઉદ્દબોધનમાં સર્વને આવકારી પ્રાથમિક શાળા પાનસના આચાર્યશ્રી પિનાકીન સાહેબે કરેલ કામગીરીને બિરદાવી હતી. તેમજ શાળાનું મકાન આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમની મહેનતને લીધે સારી સુવિધાયુક્ત મકાન બનાવી શકેલ છે, જે એમના શિક્ષણ પ્રત્યેના પ્રેમ

Govt. Arts College-Kaparada
Dist. Valsad

અને કાળજીને લીધે શક્ય બનેલ છે. આ તબક્કે કોલેજમાંથી સેમ-4 ની સ્વયંસેવિકા ગાંવિત કલ્પનાબેન બી. નું હિમાચલ પ્રદેશ ખાતે એડવેન્ચર કેમ્પ માં પસંદગી પામી જવું એ એક સિદ્ધિ ગણાવેલ અને કોલેજના કેમ્પસ એમ્બેસેડર ગવળી અમરતભાઈ ડી. ને વિશેષ કાળજી તેમજ જવાબદારી લઈ આગળ વધવા જણાવેલ, સાથે સ્વયંસેવકો એ નાના બાળકો સાથે વાતચીત, વર્તન, વ્યવહાર, બોલી સારી રાખી એકતા સ્થાપવા જણાવેલ. ગ્રામપંચાયતના સરપંચ, સભ્યો, ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો. અંતે આભારવિધિ સેમ -4 ની સ્વયંસેવિકા ગાંવિત વૈભવીબેન કિશનભાઈ એ કરેલ અને એન.એસ.એસ. સોંગ ગાઈને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરેલ. રાત્રિના ભોજન બાદ અત્રેની કોલેજના હિન્દી વિષયના અધ્યાપિકા શ્રીમતી ચંદનબેન એ. ચવધરીએ "એમના જીવનના અંગત અનુભવો" જે ધોરણ ૧૨માં એન.એસ.એસ. શિબિર દરમિયાન થયેલ એ વિષય પર માર્ગદર્શન સ્વયંસેવકોને પૂરું પાડ્યું હતું .

તારીખ ૨૮/૦૧/૨૦૨૪ના રોજ પ્રાત: કાર્ય પૂર્ણ કર્યા બાદ તમામ સ્વયંસેવકો દ્વારા ગામમાં પ્રભાત ફેરી કરવામાં આવેલ. ત્યાંથી આવ્યા બાદ પ્રાર્થના, યોગા અને હળવી કસરત કરવામાં આવી હતી. ત્યારબાદ ચા, નાસ્તો કરી નિયમિત પ્રવૃતિ અનુસાર ગામમાં સફાઈ કાર્ય કર્યું હતું, સાથે ગામમાં આવેલ પંચાયત ભવન, પોસ્ટ ઓફિસ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય અનાજની દુકાન અને આસ-પાસની દુકાનોમાંથી પ્લાસ્ટિકનો નિકાલ કરવામાં આવ્યો, સાથે સાથે ઘન કચરાનો નિકાલ, બાગ અને બગીચામાં આવેલ છોડ, વૃક્ષો ફરતે ગોડ અને મોટા વૃક્ષોની માવજત થાય માટે ફરતે પથ્થરો મૂકવામાં આવ્યા હતા. બપોરના ભોજન કર્યા પછી સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રેકટીસ માટે આયોજન કરવામાં આવ્યું હતું. રાત્રિના ભોજનબાદ બૌધિક વ્યાખ્યાનમાં સમાજશાસ્ત્ર વિષયની અધ્યાપિકા શ્રીમતી જીનેલ આર નાયક એ "ટીમવર્ક" અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એમણે જણાવેલ કે ટીમવર્ક થી કાર્ય સરળ બને છે, અને મતભેદ ના હોવા જોઈએ. અંતે એક કવિતા ":કૌશિશ કારનેવાલો કી હાર નહિ હોતી" ગાઈને વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

તારીખ ૨૯/૦૧/૨૦૨૪ના ચોથા દિવસે સવારે નિત્યક્રમ પૂર્ણ કર્યા બાદ પ્રાર્થના, હળવી કસરત અને યોગા કરવામા આવ્યા હતા. ત્યારબાદ ગામમાં સફાઈ અભિયાનમાં સ્મશાનગૃહની સફાઈ, પ્લાસ્ટિક કચરાનો નિકાલ, લાકડાની ગોઠવણી કરી, ઘન કચરાનો નિકાલ કર્યો, સાથે નદી કિનારાની સફાઈ કરી પ્લાસ્ટિક કચરાનો નિકાલ કરીને, રસ્તાની સફાઈ

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

કરી હતી. બપોરના ભોજન બાદ બૌધિક વ્યાખ્યાન યોજવામાં આવેલ હતું. જેમા સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામના અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. ધર્મેશભાઈ પી.પટેલ સાહેબે આચાર્યશ્રી તથા અનિષ સાહેબનો આભાર વ્યક્ત કરી વ્યાખ્યાનની શરૂઆત કરી. રાષ્ટ્રીય સેવા યોજનાની સ્થાપના, તેના હેતુ વિશેની વિશેષ રૂપે ચર્ચા કરી. એન.એસ.એસ.ની એક્ટિવિટી વિશે ચર્ચા કરી સરકારશ્રીના અલગ અલગ પ્રયત્નો જેવા કે સ્વચ્છતા અભિયાન, શ્રમકાર્ય અને એન.એસ.એસ. દ્વારા આપણે કેવી રીતે એમાં સહભાગી થઈએ છીએ એના વિશે વિશેષ ખ્યાલ આપ્યો. શારીરિક શ્રમકાર્ય અને માનસિક શ્રમકાર્યમાં સંતુલન બનાવી રાખવાની વાતો કરી તથા બંને પ્રકારના શ્રમનું મહત્વ સમજાવ્યું. સમાજમાં પ્રવર્તમાન દૂષણો પર ચિંતન મનન કરી કઈ રીતે દૂર કરી શકાય એનો ખ્યાલ આપ્યો ,જેમકે નાટકો દ્વારા, નારા, રેલીદ્વારા આ કાર્ય કરી શકાય ,એન.એસ.એસ નું આયોજન, સમય આયોજન, અનુકૂલન, અમેની ભાવના, આ દરેક બાબત શિબિર શીખવે છે. એન.એસ.એસ. શિબિરમાં વિદ્યાર્થીઓ પોતાની બૌદ્ધિકતાથી કઈ રીતે રસપ્રદ અને સફળ બનાવી શકે એની માહિતી આપી. તેમજ સાહેબશ્રીએ સ્વ ખર્ચે સ્વયંસેવકોને મીઠાઈ પણ આપેલ. અંતે આભારવિધિ એફ.વાય.બી.એ.ના સ્વયંસેવક કામડી સુરજભાઈ મનુભાઈ એ કરેલ. સાથે સ્વયંસેવકો એ શાળામાં જઈને વિવિધ વર્ગોમાં શૈક્ષણિક કાર્ય કર્યું, સાથે સાંજે વિદ્યાર્થિઓને રમત -ગમત ની રમતો રમાડી ,રાત્રી ભોજન બાદ અત્રેની કોલેજના અંગ્રેજી વિષયનાં પ્રાધ્યાપિકા શ્રીમતી કિન્નરી એ.પટેલ દ્વારાવિધાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપવામાં આવેલ હતી. જેમા એમણે જણાવેલ કે જ્યારે આપણે કોઈક કાર્ય માટે પરિવાર, માતા-પિતા થી દૂર જઈએ છીએ ત્યારે પોતાની જાત પર વિશ્વાસ રાખી સુરક્ષિત રહેવું જરૂરી બને છે, તેવો સંદેશ આપેલ. હંમેશા હકારાત્મક રહો, નકારાત્મક બાબતોને દૂર કરો અને અનુકૂળ થઈને જીવવાનો પ્રયાસ કરો. પરિવારમાં હોય ત્યારે સમય પાલન કરી શકતા નથી પણ કેમ્પમાં આવ્યા બાદ સમય પાલન કરવું જરૂરી બને છે. જેની અસર કોલેજ જીવનમાં પણ જરૂરી બને છે. સાથે કોલેજના સિનિયર ક્લાર્ક જાદવ વિમલભાઇ બી. એ પોતાના વક્તવ્યમાં જણાવેલ કે જે કોઈ સ્વયંસેવક અપડાઉન કરે છે, એ કદાચ હોસ્ટેલ જેવું જીવન જીવ્યા ન હોઈ પણ એન.એસ.એસ. વાર્ષિક શિબિરના આ સાત દિવસ તમને એ સમુહજીવન જીવતા શીખવાડી આપશે. એવો ખ્યાલ આપી સર્વે સ્વયંસેવકોને શુભકામના પાઠવી હતી.

Govt. Arts College-Kaparada * Dist. Valsad

તારીખ ૩૦/૦૧/૨૦૨૪ ના રોજ પ્રાત: કાર્ય પૂર્ણ કર્યા બાદ પ્રભાત ફેરીમાં વિદ્યાર્થીઓ દ્વારા ભજનો, સ્વચ્છતા અંગેના નારા બોલાવ્યા હતા. જેમાં અત્રેની કોલેજના અંગ્રેજી વિષયના અધ્યાપિકા કિન્નરીબેન એ. પટેલ પણ સામેલ હતા. ત્યારબાદ પ્રાર્થના, કસરત, યોગા પૂરૂં કરીને, સર્વએ ચા-નાસ્તો કર્યા પછી શ્રમકાર્ય માટે ગામના પંચાયત ભવનની સાફ સફાઈ, માટી પુરાણ કામ કર્યું. ત્યારબાદ આરોગ્ય અંગે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાનસથી ટીમ આવી હતી. શ્રીમતી કાશીબેન એમ. ભીમસેન (સ્ટાફ નર્સ) જિતેન્દ્ર એ. પટેલ (એમ.પી.એચ.ડબલ્યુ), શ્રી સચિન જી. થોરાત (ટી.સી.એમ.), લતાબેન સુરેશભાઈ ભોયા (આશાવર્કર), અરુણાબેન મણિલાલ પટેલ (આશાવર્કર)એ હાજરી આપી હતી. 50 સ્વયંસેવકોને સ્પર્શ લેપ્રસી રોગ તેમજ સિકલસેલ રોગ, એનેમિયા અંગે માહિતી પૂરી પાડી હતી અને સ્વયંસેવકોના પ્રશ્નોતરીના આધારે જણાવેલ કે સરકાર આ રોગોની તપાસ માટે ભાર મુકે છે કે, PHC, CHC કેન્દ્ર પર જઇને તપાસ કરાવે અને પછી લગ્ન કરવું જોઈએ, શાળામાં ભણતા બાળકોની પણ તપાસ કરાવવી જોઈએ, યોગ્ય ખોરાક લેવો જોઈએ, વધુ પાણી પીવું, દૂધની વસ્તુઓ ખાવી, સલાડનો વધુ ઉપયોગ કરવો, ઉપરાંત દવા લેવાથી સિકલસેલ મટતું નથી, પણ ઓછું થાય છે વધારે હાર્ડ કામ કરવું નહિ, પહાડ પર ચડવું નહિ, આરામ કરવો જે થકી રોગને ઘટાડી શકાય છે. ત્યારબાદ બપોરના સમયે પાનસ ગામમાં આવેલ "વન ઔષધી ઉદ્યાન" કેન્દ્રની મુલાકાત લઈ સાફ સફાઈ કાર્ય બાદ વન ઔષધી અંગે જાણકારી મેળવેલ. જેમાં વન વિભાગના શ્રી ડાભી જયપાલ પી. (વનરક્ષક મેણધા), શ્રી બારડ વિજયભાઇ બી. (વનરક્ષક માંડવા), શ્રી અમ્રતભાઈ રતિલાલભાઈ નાયક (વોચમેન), એ જંગલ સંરક્ષણ તથા સંવર્ધન, નર્સરી, પ્લાંટેશન ઉપરાંત અમ્રતભાઈ એ ઇન્દ્રજવ(કુવડ) લીંડી પેપર, જંગલી કેળ, કરમદા, પાનફૂટી, મધુનાસી, તુલસી, લીમડો, જેવા વિવિધ છોડ, વૃક્ષની દવા તરીકે ઉપયોગ અને ઉછેર અંગે મહત્વપૂર્ણ માહિતી આપેલ હતી. સાંજના સમયે દૈનિક આયોજન મુજબ અહેવાલ વાંચન, સ્વયં સેવકોના ફીડબેક લેવામાં આવ્યા હતા.

તારીખ ૩૧/૦૨/૨૦૨૪ ના રોજ સવારે પ્રાત:કાર્ય પૂરૂં કરીને પ્રાર્થના, યોગા તથા કસરત કર્યા બાદ ચા-નાસ્તો કરીને ગામમાં શ્રમકાર્ય કર્યું. જેમા દૂધડેરીની આસપાસ સફાઇ કરી, પ્લાસ્ટિક કચરાનો નિકાલ, વૃક્ષોને ફરતે વાડ કરવી, જાહેર રસ્તાની સફાઈકામ કર્યું. સ્વયંસેવકો દ્વારા ગ્રામજનોને પ્લાસ્ટીક આમ તેમ ન ફેંકવા, પ્લાસ્ટીકના કચરાથી થતું પર્યાવરણને ગંભીર નુકસાન વિશે સમજણ આપવામાં આવેલ હતી. બપોરના સમયે બૌધિક વ્યાખ્યાનનું

Govt. Arts College-Kaparada * Dist Valsad *

આયોજન કરેલ, જેમાં પ્રાથમિક શાળા પાનસના આચાર્યશ્રી પિનાકીન જી. પટેલ સાહેબે "પરિવર્તન જીવનનો નિયમ છે" વિષય પર માર્ગદર્શન આપેલ જેમાં મુખ્ય ત્રણ બાબતો જીવન શૈલી માટે જરૂરી બને છે. 1.Nowhere 2.Elsewhere 3.Knowhere છે ત્યાંથી લઈ આજ સુધી પરિવર્તનમાં કંઇક ને કંઇક ઉમેરાતું રહ્યું છે. માણસ ત્યાંને ત્યાં રહેતો નથી પણ જ્યાં છે, ત્યાંથી શરૂઆત કરીએ તો સફળ, સુખી અને આગળ વધી શકીએ છીએ. રાત્રે ભોજન લીધા બાદ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજનમાં તેર જેટલી કૃતિઓ રજૂ કરવામાં આવેલ હતી. જેમાં નાટકનો મુખ્ય વિષય "અંધશ્રદ્ધા" પર સુંદર નાટક રજૂ કરવામાં આવેલ હતુ .જેથી ઉપસ્થિત ગ્રામજનોને સુંદર સંદેશ પૂરો પાડયો હતો. ત્યારબાદ અદભૂત આદિવાસી નૃત્ય કરવામાં આવેલ હતુ, સાથે બીજુ એક સુંદર નાટક હાલમાં શિક્ષણનું મહત્વ અને તેની ઉપયોગિતા રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ કાર્યક્રમને આગળ વધારતા સ્વયંસેવકો દ્વારા "અભણ નેતાનું ઇન્ટરવ્યુ" જેમાં ખૂબ જ સ્પષ્ટ રીતે સંદેશ આપેલ કે લોકશાહીમાં યોગ્ય ઉમેદવારની નિમણૂંક કરવી જરૂરી છે. ઉપરાંત ગંભીર સમસ્યાઓની સુંદર રજૂઆત કરી હતી. ત્યારબાદ કોમેડીનાટક, નૃત્ય, સમુહ સ્ટેચ્યુ ડાન્સ, માતાનું મહત્વ નાટક સુંદર રીતે રજૂ કરેલ. મોટી સંખ્યામાં હાજર રહેલ ગ્રામજનો અને બાળકોને ખૂબ આનંદ તથા સારો સંદેશ આપ્યો હતો. પ્રાસંગિક સંબોધનમાં ડૉ. પી.બી. કુરકુટિયા સાહેબે પ્રોગ્રામ ઓફિસરશ્રીનો આભાર વ્યક્ત કરેલ કે, ટૂંકાગાળામાં આ કાર્યક્રમનું આયોજન સરસ રીતે કર્યું. સાથે કપરાડા ખાતે સરકારી કોલેજ છે એ અંગે જાણકારી આપેલ. પ્રવેશ ફી, હોસ્ટેલ તેમજ બીજી સમિતિઓ પણ વિવિધ કાર્ય-પ્રવૃતિઓ કરે છે.વાલી અને વિદ્યાર્થીઓને વિનંતી કરી હતી કે, એક વખત કોલેજની મુલાકાત લઇ સિદ્ધિ અને ઉત્તમ શિક્ષણ કાર્ય અંગે માહિતી મેળવે, અધ્યાપકો GPSC, Ph.D. કરેલ છે અને ઘણાં Ph.D. કરી રહ્યા છે. પધારેલ ડેપ્યુટી સરપંચશ્રી, આગેવાન, સર્વ ગ્રામજનો, શાળાના આચાર્યશ્રી જેમના દ્વારા સુવિધાઓ, સાથ સહકાર અને સહયોગ મળી રહેલ એ બદલ આભાર વ્યક્ત કરેલ .આ સમ્રગ કાર્યક્રમનું સંચાલન સ્વયંસેવક કામડી સુરજભાઈ મનુભાઈ અને સ્વયંસેવિકા વાઘમાર્યા ઉર્વશીબેન સિત્યાભાઈ એ કર્યું હતું અને આભાર વિધિ સ્વયંસેવિકા ખાડમ દક્ષાબેન કરશનભાઈએ કરી હતી.

તારીખ ૦૧/૦૨/૨૦૨૪ ના રોજ સવારે પ્રાત: કાર્ય પૂરું કરીને પ્રાર્થના, યોગા, કસરત કર્યા બાદ ચા-નાસ્તો કરીને શાળાના કેમ્પસ, બધા વર્ગખંડો, વૉશ રૂમની સાફ-સફાઈ કરેલ . ત્યારબાદ સમાપન કાર્યક્રમની તૈયારી કરવામાં આવી. સમાપન કાર્યક્રમમાં



મુખ્યમહેમાન તરીકે પ્રાથમિક શાળા, પાનસના આચાર્યશ્રી પિનાકીનભાઈ જી. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા સાથે મુખ્ય અતિથિ ડેપ્યુટી સરપંચશ્રી રાયસિંગભાઈ નવસુભાઈ ભોયા, પ્રાથમિક શાળા, પાનસના શિક્ષકો, ધોરણ ૬-૭-૮ ના વિદ્યાર્થી મિત્રો, સ્વયં સેવકોની હાજરીમાં પ્રથમ દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ત્યારબાદ પ્રાર્થના અને આવેલ તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્દબોધનમાં એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસરશ્રી અનિષભાઈ સી. ગામીતે સાત દિવસીય કાર્યનો અહેવાલ અને એન.એસ.એસ. નો મુખ્ય ઉદ્દેશ અંગે ટૂંકમા માહિતી પૂરી પાડી હતી. ત્યાર બાદ પ્રસંગ અનુરૂપ સંબોધનમા પ્રાથમિક શાળા, પાનસ ના આચાર્યશ્રીએ કોલેજના આચાર્યશ્રી તેમજ સમસ્ત સ્વયંસેવકોનો આભાર વ્યકત કર્યો હતો અને એન.એસ.એસની સાથે ઈત્તર પ્રવૃતિ કરવી, સમાજમાં આપણી જરૂરિયાત શું છે? રાષ્ટ્રીય સેવા કરવી, સેવાનો મતલબ વળતરની અપેક્ષા કરવી નહીં, વળતર મળે છે તે જીવન ઘડતર કરે છે. સહભાગી થઈ લક્ષ્ય હાસિલ કરવું અને વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈ આગળ વધવા જણાવેલ. ત્યારબાદ અત્રેની કોલેજના પી.ટી.આઇ. શ્રી સંદિપકુમાર એન ટંડેલ સાહેબે કોલેજની સ્થાપના વિષે માહિતી આપી, ફી, શૈક્ષણિક પ્રવૃતિઓ, વિદ્યાર્થી ભાઈ -બહેનો માટે હોસ્ટેલની સુવિધાઓ, સરકારી સંસ્થા હોવાથી મળતો લાભ વિદ્યાર્થીઓની વિવિધ સિદ્ધિઓ અંગે માહિતી રજૂ કરી ઉચ્ચ અભ્યાસ માટે ભવિષ્યમાં કપરાડા કોલેજમાં પ્રવેશ લેવા જણાવેલ, સાથે જેમનાં સહકારથી શાળામાં કેમ્પનું આયોજન તથા સુંદર રહેવાની સુવિધા પૂરી પાડવા બદલ શાળાના આચાર્યશ્રીનો આભાર વ્યકત કર્યો હતો, અને સ્વયંસેવકોને આશીર્વચન પાઠવી નિરંતર એન.એસ.એસમાં કાર્યરત રહેવા તથા સમાજમાં પોતાની ભૂમિકા અને યોગદાન વિશે પ્રેરણા પૂરી પાડી હતી. બધા સ્વયંસેવકોએ સાતે દિવસ પુરી સંખ્યામાં હાજર રહી સમુહકાર્ય કરી રાષ્ટ્રીય સેવા યોજનાનો હેતુ સાચા અર્થમાં સાર્થક કરેલ તેમજ તેમના ભોજનમાં કોલેજના આચાર્યશ્રી અધ્યાપકશ્રીઓએ સ્વ ખર્ચે જે વિદ્યાર્થીઓ કેમ્પ દરમિયાન ઘરથી બહાર રહે છે તેમના ભોજનમાં ઉત્તમ ગુણવત્તાનું ભોજના પિરસાય તે પણ ધ્યાન રાખેલ અને સાતે દિવસ ભોજનમાં મીઠાઇની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કેમ્પ દરમિયાન કૉલેજના તમામ અધ્યાપકશ્રીઓ અને કર્મચારી તેમજ ઇનચાર્જ આચાર્યશ્રી ડૉ. પી. બી. કુરકુટિયાએ સમગ્ર કેમ્પ દરમિયાન હાજર રહી કેમ્પને સફળ બનાવવામાં સહયોગ કરેલ. ત્યારબાદ સ્વયંસેવકોની પાંચ ટીમોએ સાત દિવસનો અહેવાલ રજૂ કર્યો હતો. કાર્યક્રમના અંતે આભાર વિધિની સાથે શ્રીઅનિષભાઈ સી. ગામીત સાહેબે તમામ સ્વયંસેવકોને તેમની સુંદર કામગીરી માટે શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ અંતે

College-Kaparada
Valsad

એન.એસ.એસ. સોંગ ગાઈને કાર્યક્રમને પુર્ણ જાહેર કરવામાં આવેલ. આ સમગ્ર સાપ્તાહિક કેમ્પનું આયોજન અત્રેની કોલેજના આચાર્યશ્રી ડો. ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન તેમજ પ્રેરણા હેઠળ અને એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર શ્રી અનિષભાઈ સી. ગામીત દ્વારા કરવામા આવેલ હતો.

N.S.S. Programme Officer
Govt. Arts College, Kaparada,
Ta. Kaparada, Dist. Valsad

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal, 10/02/2024
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.